RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

JAMNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ આસો વદ -૧૩ | શનિવાર તા.૦૭-૧૧-૨૦૨૬ | અંક : ૨૬૪ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

જામનગરવાસીઓ આવતીકાલે આતશબાજી કરી ઉજવશે દીપોત્સવી પર્વ

શહેરીજનો મોડીરાત્રિ સુધી આતશબાજી કરશે : બુધવારે નૂતન વર્ષની ઉજવણી : મંદિરોમાં અન્નકૂટ દર્શનના ભવ્ય કાર્યક્રમો યોજાશે

જામનગર : જામનગરમાં પ્રકાશના પાંચ પર્વ પૈકી ત્રીજુ પર્વ અને વર્ષનો દિવસ એટલે દિપોત્સવી જે વિતેલા વર્ષનો અંતિમ દિવસ કહેવાય ત્યારે વર્ષના અંતિમ દિવસ દિવાળીએ લોકો એક બીજાને શુભેચ્છા આપી આતશબાજી દ્વારા વિદાય આપવામાં આવે છે. લોકો બજારોમાં સવારથી આસોપાલવના તોરણ અને ફટાકડાની ખરીદી કરવા નીકળી પડે છે. આવતીકાલ સાંજ થવાની સાથે જ જામનગરનું આકાશ આતશબાજીથી છવાઈ જશે.


તસવીરઃ સુનિલ ચુડાસમા

આ વખતે દિવાળીના બીજો દિવસ એટલે કે સોમવારે ધોકો હોય, ત્યારે લોકોને મોડે સુધી જાગી આતશબાજી કરવાની મજા પડી જશે. ત્યારે જામનગર શહેરમાં ગઈકાલે રાત્રિના મોડે સુધી ફટકડા ફોડી દિવાળીની ઉજવણી કરશે.

જયારે મંગળારે વર્ષનો પહેલો દિવસ એટલે કે, નૂતન વર્ષની શરૂઆત થશે. શહેરના મંદિરોમાં અન્નકુટ દર્શનની સાથે નૂતન વર્ષ ઉજવાશે જેમાં ઈષ્ટદેવને વંદન કરી આશિર્વાદ મેળવ્યા બાદ લોકો એકબીજાને નુતન વર્ષની શુભકામનાઓ પાઠવશે. દિપોત્સવી પર્વ આવતીકાલ રવિવારે ઉજવવામાં આવશે. ત્યારે ફટાકડાથી દાઝવાના કે, અકસ્માતના બનાવો ન બને અને તંત્ર દ્વારા અપાયેલી સુચનાઓનું પાલન કરવુ તે પણ નાગરીકોની ફરજ છે. અમાસની અંધકાર ભરી રાત્રિના લોકો દિપ પ્રજ્જવલિત કરી ઉજાસ ફેલાવશે અને બાદમાં રાત્રિના આતશબાજી શરૂ કરશે જે મોડી રાત્રિ સુધી ચાલશે.

આવતીકાલ રવિવારના રોજ દિવાળી હોય, જેથી નગરજનો આજ મોડીરાત્રી સુધી ખરીદીમાં જોતરાશે. જો કે, દૂષ્કાળગ્રસ્ત વાતાવરણને લીધે મહદ્ અંશે ગતવર્ષ કરતાં આ વર્ષે વેપાર-ધંધામાં થોડીઘણી જાખમ જોવા મળી રહી છે. તેવું વેપારીઓ જણાવી રહ્યા છે. પરંતુ ઘરવખરીઓની વસ્તુઓની ખરીદીમાં ચમક જોવા મળી રહી છે.















દિવાળી પર્વે જિલ્લા જેલના પાકા કામના કેદીની પેરોલની દરખાસ્ત

જામનગર : દિવાળીના તહેવાર નિમિત્તે કેદીઓને પરિવારજનો સાથે તહેવાર મનાવવાની તક મળી રહે તે હેતુથી પાત્રતા ધરાવતા કેદીઓને પેરોલ રજા આપવાની પ્રક્રિયાના ભાગરૂપે જામનગર જિલ્લા જેલમાંથી એકમાત્ર પાકા કામના કેદીની ૧૫ દિવસની પેરોલ રજા માટે દરખાસ્ત કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના રહેવાસી આ કેદીને હત્યાના ગુનામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. સજા દરમિયાન તેમણે અત્યાર સુધીમાં ૧૨ વર્ષનો જેલવાસ ભોગવી લીધો છે, જ્યારે તેમની સજાના હજુ બે વર્ષ બાકી હોવાનું જાણવા મળે છે. દિવાળીના પર્વ નિમિત્તે ધનતેરસથી ૧૫ દિવસની પેરોલ રજા આપવા માટે જામનગર જિલ્લા જેલના જેલર રાયજાદા દ્વારા ગુજરાત રાજ્યના જેલ વિભાગના સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્ત મોકલી આપવામાં આવી છે.

હવે આ દરખાસ્તને મંજૂરી મળે તો સંબંધિત કેદીને દિવાળીના તહેવાર દરમિયાન પરિવારજનો સાથે સમય વિતાવવાની તક મળી શકે છે. જોકે, પેરોલ રજા અંગેનો અંતિમ નિર્ણય સક્ષમ સત્તાધિકારી દ્વારા લેવામાં આવશે.

દિપાવલી પર્વે દ્વારકાધીશ જગતમંદિર કલાત્મક રોશનીથી ઝળહળી ઉઠયું



દ્વારકા : દિપાવલી પર્વ ૨૦૨૬ના તહેવારો શરૂ થઈ રહયા છે ત્યારે યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશ જગતમંદિરને કલાત્મક રોશનીથી શણગારવામાં આવ્યું છે. ખાસ કરીને દ્વારકા આસપાસની ત્રિજયાના ૧૦ કિમી દૂરથી જગતમંદિર રંગબેરંગી ડેકોરેટીવ લાઈટની સીરીઝ તથા અન્ય લાઈટીંગથી ઝગમગતું નિહાળી શકાય છે. દિપાવલીના તહેવારોમાં દ્વારકા દર્શનાર્થે ઉમટી પડેલ ભાવિકો દિવ્ય રોશની નિહાળી ભાવવિભોર થતાં દ્રશ્યમાન થાય છે. દ્વારકાધીશ જગતમંદિરની સાથે સાથે જગતમંદિર સંલગ્ન મંદિરો તેમજ યાત્રાધામના અન્ય ધાર્મિક સ્થળો અને મહત્વપૂર્ણ વિસ્તારોમાં પણ સ્થાનીકો દ્વારા દિપાવલી પર્વે રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે. હોટલ ગેસ્ટહાઉસોમાં પણ કલાત્મક સીરીઝથી રોશની કરવામાં આવી છે.
























શુભ દીપાવલી * નૂતન વર્ષાભિનંદન
દિપાવલી અને નવા વર્ષ પવે નિમિત્તે
સૌ પ્રજાજનોને હાર્દિક અભિનંદન
સહ શુભેચ્છા.
ઈસ્માઈલ હુશેન અલવાણી
(ડાડા અલવાણી)
સિક્કા મુસ્લિમ સમાજના અગ્રણી
મો.૯૯૧૩૨૮૮૧૧૧


શુભ દીપાવલી * નુતનવર્ષાભિનંદન
આપ સર્વને શુભ દીપાવલી તથા નવા વર્ષમાં આપના જીવનમાં બધા સંકટોનો નાશ થાય
અને સુખ-શાંતિ-સમૃદ્ધિનો વાસ થાય એવી શુભકામના...
RAM Jewellers
રામ જવેલર્સ
* પરેશ રતિલાલ બગિયા: 98793 60202
* દિપેશ રતિલાલ બગિયા: 9825368082
916 હોલમાર્ક (22.C.KDM)
BIS Hallmarked Jewellery
કરેલા સોનાના તથા ચાંદીના દાગીના મળશે
મેઈન બજાર, રાજડા રોડ, સેન્ટ્રલ બેંક સામે, જામખંભાળિયા


શુભ દીપાવલી * નૂતનવર્ષાભિનંદન
સર્વે નગરજનો, મિત્રો, શુભેચ્છકો, સંબંધીઓને દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ
જુસબ જાકુબ બારોયા
ચેરમેનશ્રી, સિક્કા નગર પાલિકા
મો.8849380184


શુભ દીપાવલી * નૂતનવર્ષાભિનંદન
સર્વે દેશવાસીઓને
ઉમંગ અને ઉજાસના પર્વ
દીપાવલી-નવા વર્ષની
હાર્દિક શુભકામનાઓ
જગદીશભાઈ સવાણી
સહ કન્વીનર (આર્થિક સેલ)
જામનગર જિલ્લા ભાજપ
મો.8980099111


સર્વે નગરજનો, મિત્રો,
શુભેચ્છકો, સંબંધીઓને
દિવાળી અને
નવા વર્ષની
હાર્દિક શુભકામનાઓ
અંજલિબા ચુડાસમા
સદસ્ય:- સિક્કા નગરપાલિકા
વોર્ડ નંબર-7, સિક્કા
મો.નં.: 9998789666


શુભ દીપાવલી
નૂતનવર્ષાભિનંદન
સર્વે નગરજનો, મિત્રો,
શુભેચ્છકો, સંબંધીઓને
દિવાળી અને નવા વર્ષની
હાર્દિક શુભકામનાઓ
ધરતીબેન મજીઠીયા
પ્રમુખ
જામનગર જિલ્લા ભાજપ-મહિલા મોરચો
મો.9664637519
આકાશ એન્ટરપ્રાઈઝ
અભિષેક મજીઠીયા
મો.9687344655


શુભ દીપાવલી
નૂતનવર્ષાભિનંદન
સર્વે નગરજનો, મિત્રો,
શુભેચ્છકો, સંબંધીઓને
દિવાળી અને નવા વર્ષની
હાર્દિક શુભકામનાઓ
અદનાન અમીનભાઈ ઝુન્નર
વિરોધપક્ષ નેતાશ્રી: ધ્રોલ નગરપાલિકા
પ્રભારી:જોડિયા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ
મો.9879121219


દીપાવલી તથા નૂતનવર્ષના
પાવન પર્વે હાર્દિક શુભકામના
સર્વ નગરજનો,મિત્રો, શુભેચ્છકો,સંબંધીઓને દીપાવી
તથા નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
પ્રદીપસિંહ ટી. દલજાડેજા
ઉપસરપંચ, નાની ખાવડી
૯૮૭૯૫૧૧૯૯૯


શુભ દીપાવલી * નુતનવર્ષાભિનંદન
સર્વે નગરજનો,મિત્રો, શુભેચ્છકો,
સંબંધીઓને દીપાવલી તથા
નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
કનકસિંહ
ગંભીરસિંહ
જાડેજા
સરપંચશ્રી, નાની ખાવડી
શ્રદ્ધા એન્ટરપ્રાઈઝ
૯૮૭૮૪૭૧૧૧૧


શુભ દિપાવલી * નુતનવર્ષાભિનંદન
સર્વે નગરજનો, મિત્રો, શુભેચ્છકો, સંબંધીઓને
દિવાળી અને નવા વર્ષની
હાર્દિક શુભકામનાઓ
શિવપુરી નથુભાઈ ગોસ્વામી
* પૂર્વ પ્રમુખ :- સિક્કા નગરપાલિકા
* પ્રમુખ :- દશનામ ગોરસ્વામી સમાજ
* ઉપપ્રમુખ :- સિક્કા નગરપાલિકા


શુભ દિપાવલી * નૂતનવર્ષાભિનંદન
સર્વે નગરજનો,
મિત્રો, શુભેચ્છકો,
સંબંધીઓને
દિવાળી અને
નવા વર્ષની
હાર્દિક
શુભકામનાઓ
ઈકબાલભાઈ સુમરા
પ્રમુખ:- જામનગર તાલુકા કોંગ્રેસ સમિતિ


શુભ દીપાવલી * નુતનવર્ષાભિનંદન
સર્વ ભારતવાસીઓ, સગા, સ્નેહી, મિત્રો,
શુભેચ્છકોને દીપાવલી અને નૂતનવર્ષની
હાર્દિક શુભકામનાઓ
જામખંભાળિયા
જય જલારામ


શુભ દીપાવલી * નુતનવર્ષાભિનંદન
સર્વે ભારતવાસીઓ, સગા, સ્નેહી,
મિત્રો, શુભેચ્છકોને દીપાવલી અને
નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
જયશ્રી કૃષ્ણ
જામખંભાળિયા
જય જલારામ


KAMAL CEMENT
SINCE 1944
મજબૂતીનો વિશ્વાસ જળવાય,
ખુશીઓનો પ્રકાશ છવાય.
દિપાવલીની શુભકામનાઓ
PPC
KAMAL CEMENT
Varsho ni Salamati,
Kamal ni Mazbooti
SARDAR
COMPOSITE GREEN
TRIBUTE TO THE IRON MAN WHO LAID
THE FOUNDATION OF KAMAL CEMENT
શ્રી દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ

જામનગર શહેરના વિવિધ વિસ્તારોમાં પોલીસ દ્વારા વાહન ચેકીંગ ઝુંબેશ






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : દિવાળીના તહેવારો દરમિયાન જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી પોલીસ દ્વારા સુરક્ષાને લઈને વિશેષ તકેદારીના ભાગરૂપે સંયુક્ત ચેકિંગ કવાયત હાથ ધરવામાં આવી હતી.

જેના ભાગરૂપે જામનગર પોલીસની એસઓજી (સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ), બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (બી.ડી.ડી.એસ.) તથા ડોગ સ્ક્વોડની ટીમ દ્વારા ગઈકાલે સાંજે સાત રસ્તા સર્કલ ખાતેથી વિશેષ ચેકિંગ ડ્રાઈવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા રિક્ષા સ્ટેન્ડ, શહેરના પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો તેમજ ટ્રાફિકના મહત્ત્વના પોઈન્ટ સહિતનાં સંવેદનશીલ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન રિક્ષાઓ સહિતનાં અન્ય વાહનોને રોકીને ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા શંકાસ્પદ વસ્તુઓની તપાસ કરવામાં આવી હતી, જ્યારે ડોગ સ્ક્વોડની મદદથી પણ સ્થળો અને વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. એસઓજીની ટીમ દ્વારા સમગ્ર કામગીરીમાં સુરક્ષાની દૃષ્ટિએ જરૂરી તકેદારી રાખવામાં આવી હતી.

દિવાળીના તહેવારો દરમિયાન બજારોમાં ખરીદી માટે લોકોની અવરજવર વધતી હોવાથી જાહેર સ્થળો, વાહનવ્યવહારનાં કેન્દ્રો અને શહેરના પ્રવેશ-બહાર નીકળવાના માર્ગો પર સુરક્ષા વ્યવસ્થા મજબૂત રાખવાના આશયથી આ વિશેષ કવાયત યોજવામાં આવી હતી. પોલીસની આ સંયુક્ત કામગીરીનો મુખ્ય હેતુ શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખવા અને નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત કરવાનો રહ્યો હતો.

ધ્રોલ-જોડિયા નજીક કારમાંથી ઈંગ્લીશ દારૂના ૨૧૬૦ ચપલાનો જથ્થો ઝડપાયો

રૂ. ૧૧.૩૭ લાખનો મુદ્દામાલ સાથે હાપાના કારચાલકની ધરપકડ, થાનના સપ્લાયર સહિત ત્રણ શખ્સોની સંડોવણી ખૂલી

જામનગર : જામનગર જિલ્લામાં દારૂબંધીના કાયદાનો ભંગ કરી વિદેશી દારૂની હેરાફેરી કરતા શખ્સો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. જેના ભાગરૂપે ધ્રોળ પોલીસ સ્ટેશનના સ્ટાફે ધ્રોળ-જોડિયા રોડ પર પશુ દવાખાનાની સામે વોચ ગોઠવી ક્રિયા સેલ્ટોસ કારને અટકાવી તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૨,૧૬૦ ચપટા મળી આવ્યા હતા. આથી પોલીસે કારચાલકની ધરપકડ કરી રૂ. ૧૧,૩૭,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ધ્રોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ધ્રોલ-જોડિયા રોડ ઉપર ગાંધીચોક પાસે ખાનગી રાહે બાતમી મળી હતી કે, લતીપર તરફથી ધ્રોળ તરફ ગ્રે કલરની ક્રિયા સેલ્ટોસ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને એક શખ્સ આવી રહ્યો છે. જેના આધારે પોલીસે પશુ દવાખાનાની સામે વોચ ગોઠવી હતી.

દરમિયાન વહેલી સવારે ત્યાંથી કાર પસાર થતા તેને અટકાવી કારચાલકની પૂછપરછ કરતાં તેનું નામ સુનિલ જયસુખભાઈ મકવાણા કોળી (ઉંમર ૩૪), રહે. શિવશક્તિ સોસાયટી, મયુર ક્લિનિકવાળી ગલી, હાપા, જામનગર હોવાનું ખુલ્યું હતું. જ્યારે કારની તપાસ દરમિયાન ડ્રાઈવર સીટની બાજુમાં, પાછળની સીટમાં તથા ડેકીમાં ખાખી કલરનાં પૂંઠાનાં બોક્સ મળી આવ્યાં હતાં. જેમાંથી ઈંગ્લીશ દારૂના ૨,૧૬૦ કંપની સીલબંધ ચપટા મળી આવ્યા હતા. જેની કિંમત રૂ. ૩,૬૭,૨૦૦ થાય છે.

પોલીસે દારૂનો જથ્થો ઉપરાંત હેરાફેરીમાં વપરાયેલી રૂ. ૮ લાખની ક્રિયા સેલ્ટોસ કાર અને રૂ. ૧૦ હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૧,૩૭,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં કારચાલક સુનિલ મકવાણા દારૂનો જથ્થો સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં રહેતા મેહુલભાઈ કોળીએ ભરી આપ્યો હતો. જ્યારે આ જથ્થો જામનગરની સાધના કોલોની, નંદનવન સોસાયટી, પીજારા વાસમાં રહેતા સાહીલ ફિરોજભાઈ મોદીએ મંગાવ્યો હોવાનું તેમજ ધુંવાવ ગામના મુસ્તાક સફીયાની પણ સંડોવણી હોવાનું બહાર આવ્યું છે.

નાના આસોટા ગામના યુવાને એકલવાયા જીવનથી કંટાળી ઝેરી જીવન ટૂંકાવ્યું

પત્ની માવતરે ચાલી જતા તેમજ કોર્ટમાં કેસ ચાલુ હોય અંતિમ પગલું ભરી લીધું

ખંભાળિયા : ખંભાળિયા તાબા હેઠળના નાના - આસોટા ગામના યુવાને એકલવાયા જીવનથી કંટાળી ઝેરી દવા ગટગટાવી જીવનલીલા સંકેલી લેતા અરેરાટી પ્રસરી ગઈ છે જે બનાવની પોલીસમાં રાવ ભાઈ દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની તપાસનો દૌર શરૂ કર્યો હતો.

મળતી માહિતી મુજબ ખંભાળિયા તાલુકાના નાના - આસોટા ગામના પ્રવીણભાઈ જેન્તીભાઈ રામાવત નામના ૩૮ વર્ષના બાવાજી યુવાને ગત તા. ૧૬ ના રોજ મીઠાપુર - ચરકલા રોડ પર આવેલ મોમાઈ મોરાની ગોળાઈ પાસે ઝેરી જંતુનાશક દવા પી લેતા જામનગરની જીજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે આ યુવાનનું મૃત્યુ નિપજયું છે. આ બનાવની મૃતકના ભાઈ અશોકભાઈ જેન્તીભાઈ રામાવત દ્વારા મીઠાપુર પોલીસ દફતરે જાણ કરવામાં આવી છે. મૃતક પ્રવીણભાઈના પત્ની રિસામણે માવતરે હોય અને તેઓ સામે જુનાગઢની અદાલતમાં કેસ ચાલુ હોય તેમજ તેઓ એકલવાયું જીવન ગુજારતા હોય દરમિયાન કંટાળી આ અંતિમ પગલું ભરી લીધું હોવાનું પોલીસ દફતરે જાહેર થયું છે.

મેઘપરમાં ખાનગી કંપનીમાં કરતા કર્મચારીને છાતીમાં દુખાવો ઉપડતાં મૃત્યુ

જામનગર : જામનગર નજીક મેઘપર (પડાણા) વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીની ટાઉનશીપમાં રહેતા અને નોકરી કરતા રાજસ્થાનના એક કર્મચારીને છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવની વિગત મુજબ મૂળ રાજસ્થાનના જોધપુર જિલ્લાના બાવડી તાલુકાના માનસાગર વિસ્તારની રાજપૂતો કી ઢાણીમાં રહેતા અને હાલ મોટી ખાવડી ખાતે આવેલી ખાનગી કંપનીની ટાઉનશીપમાં રહેતા હરિસિંહ આમસિંહ રાઠોડ (ઉ.વ. ૫૧)ને ગઈકાલે છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. આથી તેઓ દવા લેવા માટે ટાઉનશીપની હોસ્પિટલ તરફ ગયા હતા. દરમિયાન હોસ્પિટલ પાસે જ તેઓ અચાનક પડી ગયા હતા. ત્યારબાદ તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમનું મૃત્યુ થયું હતું.

આ બનાવ અંગે અમન રણજીતસિંહ બેદી (ઉ.વ. ૪૬), રહે. હાલ પારસ પી.જી., વાલ્કેશ્વરી સતગુરુ કોલોની, શેરી નં. ૯, જામનગર દ્વારા મેઘપર (પડાણા) પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે બી.એન.એસ.એસ.ની કલમ ૧૯૪ મુજબ અ.મોતની નોંધ કરી હતી. આ અંગેની તપાસ મેઘપર (પડાણા) પોલીસ મથકના પોલીસ હેડ કોન્સ્ટેબલ એ.એચ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

જામ્યુકો અને પીજીવીસીએલના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતાનો સંદેશ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને પીજીવીસીએલ જામનગરના સંયુક્ત ઉપક્રમે જામનગર શહેરને તહેવારોના દિવસોમાં સ્વચ્છ અને સુંદર બનાવવા માટે એક અભિયાન શરૂ કરવામાં આવેલ છે જેની પરિકલ્પના હસિત વ્યાસ સુપ્રિન્ટેન્ડિંગ એન્જીનીયર પીજીવીસીએલ જામનગર દ્વારા કરવામાં આવી હતી. આ અભિયાનના ભાગરૂપે શહેરમાં આવેલ ટ્રાન્સફોર્મર સેન્ટરની આજુબાજુ આવેલી ફેન્સીંગમાં ભરાતા કચરા અને લોકો દ્વારા ઠાલવવામાં આવતા કચરાને અટકાવવા માટે એક નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. હાલમાં ટ્રાન્સફોર્મર સેન્ટરના નીચેના ભાગે એક સુંદર રંગોળી કરીને આ જગ્યાને સુશોભિત કરી દેવામાં આવી છે. અધિકારીઓ અને સંસ્થાનું માનવું છે કે જામનગર શહેરના નાગરિકો આ સુંદરતાને માણસે અને તેમાંથી પ્રેરણા લઈ હવે આ જોખમી જગ્યાઓમાં કચરા ફેંકવાનું બંધ કરશે જેને કારણે અકસ્માતના ભય પણ ઓછા થશે અને શહેરની સુંદરતામાં વધારો થશે. આ સમગ્ર પ્રોજેક્ટ પીજીવીસીએલમાં પ્રોજેક્ટ ટીમ સંજય જાની અને એમ. ડી. ગાગિયાની મહેનતથી સાકાર કરવામાં આવેલ છે.

જામનગરમાં ઝેરી ટિકડા ખાઈ યુવાનનો આપઘાત, કારણ અકબંધ

જામનગર : જામનગર શહેરના રણજીતસાગર રોડ પર આવેલી પંચવટી સોસાયટીમાં રહેતા એક યુવાને અગમ્ય કારણોસર અનાજમાં નાખવાના જંતુનાશક ઝેરી દવાના ટીકડા ખાઈ લેતાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવની વિગત મુજબ જામનગરના રણજીતસાગર રોડ પર પંચવટી સોસાયટીની શેરી નં. ૩માં રહેતા હાર્દિકભાઈ ચંદુભાઈ કથીરિયા નામના ૨૫ વર્ષીય યુવાને ગત તા. ૫ ના રાત્રિના કોઈપણ સમયે પોતાના ઘરે અગમ્ય કારણોસર અનાજમાં નાખવાના જંતુનાશક ઝેરી દવાના ટીકડા ખાઈ લીધા હતા. જેથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

બનાવ અંગે મૃતકના ભાઈ હિરેનભાઈ ચંદુભાઈ કથીરિયાએ પોલીસને જાણ કરતાં સીટી એ ડિવિઝન પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ.આર. સાગઠીયા બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

દરેડ ગામે રહેણાંક મકાનમાં એકાએક આગ ભભૂકતા ઘરવખરી બળીને ખાક



જામનગર : જામનગર નજીક દરેડ ગામના મસિતિયા રોડ પર આવેલી મુરલીધર સોસાયટી નં. ૩માં ગઈકાલે બપોરે આશરે પોણા બે વાગ્યાના અરસામાં એક રહેણાંક મકાનમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. મકાનમાલિક જગતિયા ઉમેશભાઈ મનસુખભાઈના રહેણાંક મકાનમાં લાગેલી આગનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. આગ લાગવાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતાં ફાયર બ્રિગેડની ટુકડી તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીના એક ટેન્કર વડે આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. જોકે ફાયર બ્રિગેડની ટુકડી ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં મકાનમાં રહેલી કેટલીક ઘરવખરી આગની લપેટમાં આવી જતાં બળીને ખાક થઈ ગઈ હતી. મકાનમાલિક દ્વારા નુકસાની અંગે કોઈ ચોક્કસ આંકડો જણાવવામાં આવ્યો નથી. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ અંગેની વિગતો સામે આવી નથી.

ફૂટબોલની નવી પેઢીની પ્રતિભાઓની ઓળખ માટે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસા.ની પહેલ

ગુજરાતમાં ફૂટબોલના વિશ્લેષણ અને ખેલાડીઓની પ્રતિભા શોધવાની પ્રક્રિયાને આધુનિક બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલા રૂપે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન એ ગુજરાત સુપર લીગની ત્રીજી સિઝન દરમિયાન ડેટા-આધારિત સ્પોર્ટ્સ ઈન્ટેલિજન્સ પહેલ શરૂ કરી. જર્મની સ્થિત બૉશ-ઈવૉકો સ્પોર્ટ્સ ઈન્ટલિજન્સ ના સહયોગથી અમલમાં મુકાયેલી આ પહેલમાં ઉચ્ચ ચોકસાઈ ધરાવતું વિડિયો એનાલિટિક્સ, ખેલાડીઓના વર્તન અને પ્રદર્શનનું ટ્રેકિંગ તથા નિષ્ણાતો દ્વારા પ્રમાણિત મહત્વપૂર્ણ પ્રદર્શન સૂચકાંકો અર્થાત્ કી પરફોર્મન્સ ઈન્ડિકેટર્સ નો ઉપયોગ કરીને પાયાના સ્તરે ફૂટબોલ પ્રતિભાઓને ઓળખવા અને વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જી.એસ.એલ.ની ત્રીજી સિઝનની મેચો સપ્ટેમ્બર ૨૦૨૬માં અમદાવાદના એકા એરેના ટ્રાન્સસ્ટેડિયા ખાતે રમાઈ હતી.

આ પ્રોજેક્ટ ફૂટબોલ ખેલાડીઓની પ્રતિભા મૂલવવા માટે બૉશ-ઈવૉકો સ્પોર્ટ્સ ઈન્ટલિજન્સ માળખાનો વૈશ્વિક સ્તરે પ્રથમ ઉપયોગ હતો. જી.એસ.એફ.એ.ની આગેવાની હેઠળ હાથ ધરાયેલી આ પહેલ પરંપરાગત સ્કાઉટિંગ પદ્ધતિઓ-જે મુખ્યત્વે મેચનાં પરિણામો અને વ્યક્તિગત નિરીક્ષણ પર આધાર રાખે છે—તેમાંથી આગળ વધીને સર્વાંગી અને પુરાવા-આધારિત અભિગમ તરફનું વ્યૂહાત્મક પરિવર્તન દર્શાવે છે. જી.એસ.એલ.ની ત્રીજી સિઝન દરમિયાન આ પહેલ હેઠળ છ ફ્રેન્ચાઈઝી ટીમોના ૧૩૩ ખેલાડીઓ સામેલ હોય તેવી તમામ ૧૬ મેચોનું વિશ્લેષણ કરવામાં આવ્યું. આ ટીમો હતીઃ સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ, વડોદરા વૉરિયર્સ, ગાંધીનગર જાયન્ટ્સ, અમદાવાદ એવેન્જર્સ, સુરત સ્ટ્રાઇકર્સ અને કર્ણાવતી નાઈટ્સ.

આંતરરાષ્ટ્રીય રમતવિજ્ઞાનીઓ દ્વારા પ્રમાણિત ડાયનેમિક વિડિયો ટ્રેકિંગનો ઉપયોગ કરીને ઈવૉકો સિસ્ટમે ખેલાડીઓનું શારીરિક, ટેક્નિકલ, બૌદ્ધિક, વર્તનાત્મક અને વિકાસલક્ષી પાસાંઓ પર મૂલ્યાંકન કર્યું. આ નિષ્ણાતોમાં ટીએસજી હૉફનહીમ ના ભૂતપૂર્વ વડા અને રમતવિજ્ઞાની પ્રો. ડૉ. જાન મેયરનો પણ સમાવેશ થતો હતો.

આ સિસ્ટમે ૧૩૩ ખેલાડીઓની વિગતવાર પ્રોફાઈલના આધારે KPIsનાં ૧,૭૧૯થી વધુ અવલોકનો નોંધ્યાં. તેમાં મુખ્ય માપદંડોનો સમાવેશ થતો હતો: પર્ફોર્મન્સ અન્ડર પ્રેશર—દબાણભરી મેચ પરિસ્થિતિઓમાં વ્યૂહાત્મક નિર્ણયશક્તિ અને માનસિક સ્વસ્થતા;એરર રિકવરી ટાઇમ — મેદાન પર ભૂલ થયા પછી ખેલાડીની વર્તનાત્મક સ્થિતિસ્થાપકતા અને ભાવનાત્મક પ્રતિભાવ; અને પ્રત્યક્ષ સ્પર્દ્ધા—પ્રતિસ્પર્ધી સાથેની સામ-સામેની ટક્કરમાં ટેક્નિકલ અને શારીરિક અસરકારકતા.

જી.એસ.એફ.એ.ની આ પહેલનો મુખ્ય હેતુ પરંપરાગત રીતે માત્ર સ્કોરબોર્ડ અને મેચનાં પરિણામો આધારિત સ્કાઉટિંગની મર્યાદાઓ દૂર કરવાનો હતો. સ્પોર્ટ્સ ઈન્ટેલિજન્સના આંકડાઓએ દર્શાવ્યું કે ટીમનું સ્થાન હંમેશાં વ્યક્તિગત ખેલાડીની શ્રેષ્ઠતાનું સાચું પ્રતિબિંબ હોતું નથી. ઉદાહરણ તરીકે, ટુર્નામેન્ટનું ટાઇટલ સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સે જીત્યું હોવા છતાં, વ્યક્તિગત પ્રદર્શનના વિશ્લેષણમાં વડોદરા વૉરિયર્સનો એકંદર પ્રદર્શન સફળતા દર ૬૬.૩ ટકા રહ્યો, જે સૌરાષ્ટ્રના ૬૩.૧ ટકા કરતાં વધુ હતો. આ માપદંડોના આધારે જી.એસ.એફ.એ ને નીચલા ક્રમે રહેલી ટીમોના એવા શ્રેષ્ઠ ખેલાડીઓને ઓળખવામાં મદદ મળી, જેમનું વ્યક્તિગત યોગદાન અન્યથા નજર બહાર રહી શક્યું હોત.

જી.એસ.એફ.એ. ની આ પહેલનું સૌથી તાત્કાલિક પરિણામ એ છે કે જર્મનીની એક ક્લબમાં અદ્યતન તાલીમ માટે અન્ડર-૨૦ વર્ગના બે ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગર જાયન્ટ્સના અરિહંત રાજપુરોહિત અન્ડર-૨૦ ખેલાડીઓમાં પ્રથમ ક્રમે રહ્યા. તેમનો એકંદર સફળતા દર ૮૨.૪ ટકા, સ્ટેબિલિટી ઈન્ડેક્સ ૩૧.૫૯ અને સીધી ટક્કરના મુકાબલાઓમાં સફળતા દર ૮૭.૫ ટકા રહ્યો. સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સના આશિષ રાણાએ મેચે-મેચે સાતત્યપૂર્ણ પ્રદર્શન કર્યું. તેમનો એકંદર સફળતા દર ૭૦ ટકા, સ્ટેબિલિટી ઈન્ડેક્સ ૪૬.૪ રહ્યો અને નિરીક્ષણ હેઠળની છમાંથી પાંચ મેચોમાં તેમણે સકારાત્મક યોગદાન આપ્યું. જર્મનીમાં તેમની તાલીમ માટેની વ્યવસ્થા અને જરૂરી કામગીરીને આખરી સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

આ ભાગીદારી દ્વારા જી.એસ.એફ.એ. એ ભારતમાં આધુનિક રમતગમત વહીવટ માટે એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. જાણીતા ફૂટબોલ વિચારક કૌશિક મૌલિકે જી.એસ.એફ.એ. અને બૉશ-ઈવૉકોને એક મંચ પર લાવવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. જી.એસ.એફ.એ—બૉશ-ઈવૉકો પ્રોજેક્ટે દર્શાવ્યું છે કે ડેટા-આધારિત ઈન્ટેલિજન્સ પાયાના સ્તરે પ્રતિભા શોધવાની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવી શકે છે અને ટીમનાં મેચ પરિણામોથી પર રહીને આશાસ્પદ ખેલાડીઓને તેમની જરૂરિયાત મુજબનું કોચિંગ તથા આંતરરાષ્ટ્રીય સ્તરનો અનુભવ અપાવવામાં મદદરૂપ થઈ શકે છે.



(રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના પ્રમુખ તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડમાં કોર્પોરેટ અફેર્સના ડિરેક્ટર છે.)

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

દિવાળી પર્વે જામનગરની ૧૦૮ ઈમરજન્સી સેવા સજ્જ : ૪૫ એમ્બ્યુલન્સ સ્ટેન્ડ ટુ

તમામ કર્મચારીઓની રજાઓ રદ કરી પાયલોટ અને પેરામેડિકલ સ્ટાફને ફરજ પર તૈનાત કરાયા : દવાઓ, ઓક્સિજન અને પ્રાથમિક સારવારની કિટનો જથ્થો ઉપલબ્ધ

જામનગર : દિવાળીના તહેવારો દરમિયાન લોકોની અવરજવર અને વાહનવ્યવહારમાં વધારો થવાની સાથે માર્ગ અકસ્માતો તથા તબીબી ઈમરજન્સીના બનાવોમાં પણ વધારો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને જામનગર જિલ્લાની ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. તહેવારોના દિવસોમાં ઈમરજન્સીના કેસમાં સામાન્ય દિવસોની સરખામણીએ આશરે ૧૫ ટકાનો વધારો નોંધાતો હોવાથી સમગ્ર જિલ્લાના ૧૦૮ સેવા સાથે સંકળાયેલા કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે.

હાલમાં જામનગર જિલ્લામાં કુલ ૪૫ એમ્બ્યુલન્સ ઓન રોડ રાખવામાં આવી છે. આ તમામ એમ્બ્યુલન્સમાં પાયલોટ અને પેરામેડિકલ સ્ટાફ સાથે ૨૪ કલાક એટલે કે રાઉન્ડ ધ ક્લોક સેવા કાર્યરત રહેશે. સામાન્ય દિવસોમાં ૧૦૮ ઈમરજન્સી કંટ્રોલરૂમને મળતા સરેરાશ કોલની સરખામણીએ દિવાળીની રજાઓ દરમિયાન પ્રવાસીઓ તેમજ સ્થાનિક વાહનોની અવરજવર વધતાં ઈમરજન્સી કોલમાં આશરે ૧૫ ટકાનો વધારો થવાની શક્યતા છે.

આવી પરિસ્થિતિમાં દર્દીઓને સમયસર સારવાર મળી રહે તે માટે તમામ એમ્બ્યુલન્સમાં જરૂરી દવાઓ, ઓક્સિજન સિલિન્ડર તેમજ પ્રાથમિક સારવારની કિટનો વધારાનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. ઉપરાંત જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ મારફતે તમામ એમ્બ્યુલન્સનું રિયલ ટાઇમ મોનિટરિંગ કરવામાં આવશે, જેથી અકસ્માત કે અન્ય કોઈ તબીબી ઈમરજન્સીનો કોલ મળતાં નજીકની એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી શકે.

ખાસ કરીને અકસ્માતના કિસ્સામાં દર્દીને ગોલ્ડન અવર દરમિયાન ત્વરિત પ્રાથમિક સારવાર અને હોસ્પિટલ સુધી પહોંચાડવાની કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવશે. આમ, દિવાળીના તહેવારો દરમિયાન જામનગર જિલ્લામાં કોઈપણ ઈમરજન્સીના સમયે નાગરિકોને ઝડપી અને અસરકારક સારવાર મળી રહેતે માટે ૧૦૮ ઈમરજન્સી સેવા સંપૂર્ણપણે સજ્જ બની છે.

જામનગર હોમગાર્ડઝને ભથ્થું વહેલું ચૂકવતા દિવાળી સુધરી



જામનગર : માનદ નિષ્કામ ભાવે સેવાઓ આપતાં હોમગાર્ડઝ સભ્યોનાં ફરજ ભથ્થાં દર મહિને ૧૨ થી ૧૫ તારીખ સુધીમાં જમા થતાં હોય છે પરંતુ આ વખતે દિવાળીના તહેવારો ધ્યાનમાં રાખીને જિલ્લા કમાન્ડન્ટની સતત હાજરી અને માર્ગદર્શન હેઠળ તમામ યુનિટના ઓફિસરો અને તેમની ટીમ દ્વારા તાત્કાલિક ફરજ ભથ્થાં બિલો જિલ્લા કચેરી ખાતે જમા કરાવી દીધાં બાદ જિલ્લા કંટ્રોલના હોમગાર્ડઝ દ્વારા સમયની પરવાહ કર્યા વગર તમામ હોમગાર્ડઝના અને તમામ પ્રકારનાં બિલો ઓનલાઈન કરી જિલ્લા તિજોરી કચેરી ખાતે મોકલી આપેલ હતાં.

જે નાણાં ગઈકાલે ધનતેરસના શુભ દિવસે હોમગાર્ડઝના ખાતામાં જમા થઈ જતાં તમામ હોમગાર્ડઝ ભાઈઓ અને બહેનોમાં ખુશીઓનો માહોલ સર્જાયો છે. વિશેષમાં ગઈકાલે પરેડ દરમિયાન જિલ્લા કમાન્ડન્ટ અને તમામ ઓફિસરોએ સભ્યોને દિપાવલી પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

જામ્યુકોની મિલ્કતવેરા શાખાના ૬ કર્મચારીઓને છુટા કરી દેવાયા

જામનગર : જામનગર મહાનગરપાલિકાની મિલ્કતવેરા શાખાના અમુક કર્મચારીઓ દ્વારા કોમ્પ્યુટર સિસ્ટમમાંથી બાકી વેરાદારના નામની એન્ટ્રી ડિલીટ કરી દેવામાં આવી હતી. આ પ્રકરણમાં આઉટસોર્સના પાંચ, કરાર આધારિત એક કર્મચારીને છુટા કરી દેવાયા છે જ્યારે એક સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકાની મિલકતવેરા શાખાના કોમ્પ્યુટર રૂમમાંથી અમુક બાકી વેરાની વસુલાત થાય તે પહેલા જ કોમ્પ્યુટરમાંથી તેમના નામની એન્ટ્રી ડિલીટ કરી દેવામાં આવી હતી અને આસામીને ફાયદો અપાવી દેવાનું કૃત્ય આચરવામાં આવ્યું હતું. આ બાબતની ટેકસ શાખાના ઉચ્ચ અધિકારીને થતાં તેમણે સમગ્ર કૌભાંડ પકડી પાડી કમિશનરના ધ્યાને મુક્યું હતું. આ માટે આ પ્રકરણમાં પગલા લેવાયા છે. અને પાંચ આઉટસોર્સ અને એક કરાર આધારિત કર્મચારીનો નોકરીમાંથી છુટા કરી દેવાયા છે. જ્યારે એક કર્મચારી સામે ખાતાકીય તપાસનો આદેશ થયો છે.

ફલ્લા પાસે અકસ્માતમાં ધ્રોલના અગ્રણીનું મૃત્યુ, સમગ્ર પંથકમાં શોક છવાયા



ધ્રોલ (સંજય ડાંગર): જામનગર-રાજકોટ હાઈવે પર ફલ્લા નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા ધ્રોલના જાણીતા બિલ્ડર, પટેલ સમાજના અગ્રણી અને ભાજપના પીઢ આગેવાન રમેશભાઈ ઝાકાસણીયા (વંદે માતરમ)નું જામનગરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનના સમાચાર મળતાં જ ધ્રોલ શહેર સહિત સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. વર્ષોથી સમાજસેવા અને શૈક્ષણિક ક્ષેત્રે સક્રિય રહેલા રમેશભાઈની અચાનક વિદાયથી અનેક લોકોમાં ઘેરા દુઃખની લાગણી જોવા મળી હતી.

મળતી વિગતો મુજબ, રમેશભાઈ પોતાની વાડીએથી એક્ટિવા લઈને ધ્રોલ તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન ફલ્લા ગામ નજીક હાઈવે પર એક ફોરવ્હીલ કાર સાથે તેમના એક્ટિવાની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતમાં તેઓ રોડ પર ફંગોળાઈ જતાં શરીર તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક જામનગરની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું.

રમેશભાઈ ઝાકાસણીયા ધ્રોલના સામાજિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે જાણીતી ઓળખ ધરાવતા હતા. કડવા પટેલ સમાજના અગ્રણી હોવા ઉપરાંત તેઓ ભાજપના પીઢ આગેવાન અને જાણીતા બિલ્ડર તરીકે પણ કાર્યરત હતા. જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય તેમજ પટેલ વિદ્યાર્થી આશ્રમના ટ્રસ્ટી તરીકે પણ તેમણે જવાબદારી નિભાવી હતી. સમાજસેવા અને શિક્ષણ ક્ષેત્રે તેમના યોગદાનને કારણે તેઓ અનેક લોકોના સંપર્કમાં રહ્યા હતા. સમગ્ર પંથકમાં 'વંદે માતરમ' નામથી ઓળખાતા રમેશભાઈના નિધનથી સમાજ, શિક્ષણ જગત અને રાજકીય ક્ષેત્રે શોકની લાગણી ફેલાઈ છે.

સ્વ. રમેશભાઈ ઝાકાસણીયાની અંતિમયાત્રા આજે તા ૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે તેમના નિવાસસ્થાન ભવ્ય ગ્રીન સોસાયટી, ધ્રોલ ખાતેથી નીકળી હતી. અંતિમયાત્રામાં સામાજિક, રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રના અગ્રણીઓ, ભાજપના કાર્યકરો, સ્નેહીજનો, મિત્રો તથા મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. સૌએ અશ્રુભીની આંખે તેમને અંતિમ વિદાય આપી હતી. ફલ્લા પાસે સર્જાયેલા અકસ્માતમાં ધ્રોલે એક જાણીતા સામાજિક આગેવાન ગુમાવતાં સમગ્ર પંથકમાં શોકની છાયા છવાઈ ગઈ છે.

ખરો તોલ | ખુલ્લી હરરાજી | રોકડા રૂપીયા

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-ધ્રોલ

જામનગર - રાજકોટ સ્ટેટ હાઈવે, ધ્રોલ જી. જામનગર

તમામ ખેડુત ભાઈઓ, વેપારી ભાઈઓ તથા તમામ ભારતવાસીઓને દિવાળી તથા નુતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ

મયુરસિંહ એસ. જાડેજા	ઉમેશ કે. કગથરા	રસીકભાઈ કે. ભોરી
વા. ચેરમેન	સેક્રેટરી	ચેરમેન

..... બોર્ડ ઓફ ડિરેકટર્સ .....

- શ્રી દેવકરણભાઈ જે. ભાલોડીયા
- શ્રી કુવરજીભાઈ છગનભાઈ અઘેરા
- શ્રી યોગેશભાઈ રામજીભાઈ ચભાડીયા
- શ્રી મગનભાઈ નરશીભાઈ રત્નાણી
- શ્રી વશરામભાઈ ભગાભાઈ શીયાર
- શ્રી હરેશભાઈ નાગજીભાઈ પીપરીયા
- શ્રી પરસોતમભાઈ દેવાભાઈ પીપરીયા
- શ્રી સહકારી અધિકારી જીલ્લા રજી. જામનગર.
- શ્રી નવલભાઈ ડાયાભાઈ મુંગરા
- શ્રી રમેશભાઈ ગોવિંદભાઈ ભંડેરી
- શ્રી હંસરાજભાઈ ઠાકરશીભાઈ પાદરીયા
- શ્રી કરશનભાઈ વિરજીભાઈ ગડારા
- શ્રી ગજરાબા સતુભા ઉર્ફે છત્રસિંહ જાડેજા
- શ્રી જયસુખભાઈ નારણભાઈ ધમસાણીયા
- શ્રી મહેશભાઈ રમેશભાઈ ચીખલીયા
- શ્રી વિસ્તરણ અધિકારી તા. પં. ધ્રોલ

જામનગર મહાનગરપાલિકા

જનસંપર્ક શાખા-જ્યુબેલી ગાર્ડન, લાલબંગલો, જામનગર

દિવાળી તથા નુતનવર્ષની હાર્દિક શુભકામનાઓ

(૧) શહેરની જાહેર મિલ્કતો આપણી સૌની છે, તેની જાળવણી કરીએ.
(૨) રણમલ તળાવમાં કચરો ન નાખીએ એ તેમાં મહેમાન બનતા પક્ષીઓની મોટી સેવા છે.
(૩) પ્લાસ્ટીક પર્યાવરણનો મોટો દુશ્મન છે, તેનાથી દૂર રહીએ. દિન-બ-દિન વપરાશ ઘટાડીએ.
(૪) જામનગર મહાનગરપાલિકાની વેબ સાઈટ www.mcjamnagar.com ઉપર ઓનલાઈન વેરો ભરી ઓનલાઈન પેમેન્ટમાં ૨% ડીસ્કાઉન્ટ અને વધુમાં વધુ રૂા.૨૫૦/-નો લાભ મેળવો વેરા/ચાર્જીસ ભરપાઈ કરવાના સ્થળ મહાનગરપાલિકા મેઈન ઓફીસ, સીવીક સેન્ટરો, આઈડીબીઆઈ બેંક, એચડીએફસી બેંક, ધી નવાનગર કો.ઓ.બેંક,તથા કોટક મહિન્દ્રા બેંકની શહેરની તમામ શાખાઓમાં સુવિધા તથા ઝેમીટ કાર્ડ ભરપાઈ કરવાના સુવિધા તથા ઝેમીટ કાર્ડ તથા ક્રેડીટ કાર્ડ, યુ.પી.આઈ. તથા QR CODE સ્કેન કરી E-WALLETS દ્વારા PayZaap, BHIM, Google PAY, Paytm, Phonepe, Mobiwik વી.વી ઓનલાઈન ભરપાઈ કરી સમયની બચત કરો.
(૫) મહાનગર પાલિકાની મોબાઈલ એપ્લીકેશન JMC CONNECT ડાઉનલોડ કરો અને ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરો.
(૬) મોબાઈલ નંબર રજીસ્ટ્રેશન કરાવી મીલકત વેરાના બીલ તથા અન્ય સ્કીમની SMS દ્વારા જાણકારી મેળવો.
(૭) ઓનલાઈન સેવાઓ : મિલ્કત વેરો, વોટરચાર્જ, વ્યવસાય વેરા, શ્વાન લાયસન્સ, ફૂડ લાયસન્સ, કારખાના લાયસન્સ, જન્મ-મરણ પ્રમાણપત્ર અને ફરિયાદ નોંધણી
(૮) આપના ઘરની સાથે સાથે ગલ્લી, મોહલ્લો, શહેરને સાફ રાખી સ્વચ્છતા ગૂડ્ડી બની રોગચાળાને ભગાવી. ભીનો તથા સુકો કચરો અલગ રાખી કલેક્શન વેનને આપવાનો આગ્રહ રાખો.
(૯) પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરી રાષ્ટ્રીય સંપત્તિનો બચાવ કરીએ. જળ એ જ જીવન છે.
(૧૦) દિનદયાળ અંત્યોદય યોજના હેઠળ ગરીબ કુટુંબના સ્વસહાય જુથો બનાવી તેઓને સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ રોજગારીની તકો પુરી પાડીએ
(૧૧) આપના વાહનો નિયત કરેલ પાર્કિંગમાં જ રાખીએ અને ટ્રાફિકના પ્રશ્નોથી બચીએ.
(૧૨) આપના નવા બનાવવાના થતાં મકાનો/બાંધકામોની નિયમોનુસારની મંજુરી મેળવવાનો આગ્રહ રાખીએ અને નિયમોનુસાર બાંધકામ કરીએ.
(૧૩) માન. પ્રધાનમંત્રી આવાસ યોજનાઓનો લાભ લેવો.
(૧૪) આધારકાર્ડ નોંધણી ફરજિયાત હોય જન્મથી તમામ ઉપરના લોકોએ આધાર મેળવવું ફરજીયાત છે.
(૧૫) ઈ-શ્રમકાર્ડ હેઠળ અકસ્માતથી મૃત્યુ થાય તો રૂા. બે લાખનો વીમો તેમજ અપંગતતાના કિસ્સામાં રૂા. એક લાખ મળવા પાત્ર છે જેનો લાભ લઈએ.
(૧૬) પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ રૂા.દશ હજાર થી ૨૫ હજાર સુધીની લોન સહાય જેમાં ૭% સુધીની સબસીડી સાથે સરળ હપ્તથી શહેરી ફેરિયાઓ માટે લોન સહાય યોજનાનો લાભ લઈએ.
(૧૭) પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત ૧૮ પ્રકારના કારીગરોને લોન સહાય ૫% સુધીની સબસીડી સાથે આપવાની યોજના જે નજીકના Csc/e-gram સેન્ટર પર અથવા સેલ્ફ રજીસ્ટ્રેશન www.pmvishwakarma.gov.in પર કરી શકાશે.
(૧૮) આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના AB-PMJAY-MA અંતર્ગત ગુજરાત રાજ્યમાં રૂા.૭૦ લાખ તથા અન્ય રાજ્યમાં રૂા.૫ લાખની તબીબી સહાય મળવાપાત્ર છે. જે જામનગરના તમામ ૧૨ આરોગ્યકેન્દ્ર પરથી કાર્ડની નોંધણી અને ૧૩ પ્રાઈવેટ હોસ્પિટલમાં કાર્ડ નોંધણી અને સારવાર મળે છે. benificiary.nha.gov.in પરથી NFSA લાભાર્થી જાતે બનાવી શકે છે.
(૧૯) આયુષ્યમાન ભારત ડીજીટલ મિશન ABDM અંતર્ગત 'આભાકાર્ડ' ઈસ્યુ થાય છે જે કાર્ડધારકનો તમામ હેલ્થ રેકોર્ડ ઓનલાઈન સાચવે છે. જે abdm.gov.in પરથી સેલ્ફ રજીસ્ટ્રેશન કરી શકાય છે.

દીપેશ કેડીયા-IAS	ધીરેનકુમાર પી. મોનાણી	રાકેશભાઈ બી.ડેર	મોનીકાબેન એચ. વ્યાસ
કમિશનર	ચેરમેન સ્ટે. કમિટી	ડે.મેયર	મેયર

દ્વારકા નગરપાલિકા, દ્વારકા

જાહેર અપીલ – ૪૬ / ૨૦૨૬-૨૭

દ્વારકાવાસીઓ અને નગરજનોને જણાવવામાં આવે છે કે, આગામી પવિત્ર દિવાળીના તહેવારોને અનુલક્ષીને દ્વારકા શહેરમાં કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે નગરપાલિકાનું સફાઈ વિભાગ સતત કાર્યરત છે. આપણું દ્વારકા સ્વચ્છ, સુંદર અને આરોગ્યપ્રદ રહે તે માટે નીચે મુજબની બાબતો પર વિશેષ ધ્યાન આપવા અપીલ છેઃ

- ઘરનો કચરો કચરાપેટીમાં જ નાખોઃ ઘરમાંથી નીકળતો સૂકો અને ભીનો કચરો નગરપાલિકાના સફાઈ વાહનોમાં જ આપવો અને જાહેરમાં કચરો ફેંકવાનું ટાળવું.
- જાહેર જગ્યાઓની સ્વચ્છતાઃ વેપારી મિત્રો અને નાગરિકોએ પોતાની દુકાનો કે ઘરની આસપાસ કચરો ન ફેલાવતા ડસ્ટબિન કે નિયત જગ્યાએ જ કચરો એકત્રિત કરવો.
- વેરા ભરપાઈ અપીલઃ જે નાગરિકો કે વેપારીઓની મિલકત વેરા, પાણી વેરો કે પ્રોફેશનલ ટેક્સની રકમ બાકી હોય, તેઓએ વહેલી તકે નગરપાલિકાની કચેરીમાં અથવા ઓનલાઇન માધ્યમથી પોતાનો વેરો ભરીને જવાબદાર નાગરિકની ફરજ અદા કરવી. સમયસર વેરો ભરપાઈ કરવાથી દંડની કાર્યવાહીથી બચી શકાશે અને શહેરના વિકાસમાં સીધો સહયોગ મળશે.

આવો, સૌ સાથે મળીને આપણું દ્વારકા સ્વચ્છ, સુંદર અને સમૃદ્ધ બનાવીએ.

આપ સૌને દિવાળીના પર્વની હાર્દિક શુભકામનાઓ!

અશ્વિન કે. ગઢવી	પરેશભાઈ એસ. ઝાખરીયા	વિજયભાઈ કે. માણેક	કોમલબેન પી. ડાભી
(ચીફ ઓફીસર)	(કારોબારી ચેરમેન)	(ઉપપ્રમુખ)	(પ્રમુખ)
દ્વારકા નગરપાલિકા	દ્વારકા નગરપાલિકા	દ્વારકા નગરપાલિકા	દ્વારકા નગરપાલિકા

ઓનલાઈન ટેન્ડરીંગ

માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ,દેવભૂમિ દ્વારકા

જાહેર નિવિદા નં.૩૦/૨૦૨૬-૨૭

જિલ્લા પંચાયત દેવભૂમિ દ્વારકા વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ દેવભૂમિ દ્વારકા દ્વારા સરકારશ્રીની વિવિધ યોજના લગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રસ્તાના જુદા જુદા કામ માટે ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાનવિભાગ તેમજ નર્મદા જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં જરૂરી કક્ષામાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવેલ છે.જેની અંદાજીત રકમ રૂ.| ૯૮૭.૨૫ લાખની છે. આ કામના ટેન્ડરો વેબ સાઈટ https://tender.nprocure.com પર ઉપલબ્ધ થશે.વધુ વિગતો માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવો.તેમજ વિગતવાર જાહેર નિવિદા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે. આવેલ તમામ ટેન્ડરો સ્વીકારવા કે ન સ્વીકારવાનો હક અબાધિત રહેશે.

ટેન્ડર ભરવાની શરુ તારીખ અને સમય	તા.૧૨/૧૧/૨૦૨૬ બપોરે ૧૨ :૦૦ વાગ્યાથી શરુ
ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય	તા.૦૩/૧૨/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી
ટેન્ડર ખોલવાની તારીખ અને સમય	તા.૦૪/૧૨/૨૦૨૬ બપોરે ૧૨:૦૦ વાગ્યે

માહિતી/જમ/૫૮૦/૨૦૨૬

ધ્રોલ નગરપાલિકા – ધ્રોલ, જી. જામનગર

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

નિવિદા નં.૧૯૫૫/૨૬, તા. ૩૦/૧૦/૨૦૨૬

ધ્રોલ નગરપાલિકા, ધ્રોલ, જી. જામનગરને નીચે મુજબના કામો કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનં. ૧: અર્બન ફોરેસ્ટ એન્ડ ઓક્સીજન પાર્ક યોજના અંતર્ગત નગરપાલીકાના જુદા-જુદા વિસ્તારમાં ઓક્સીજન પાર્ક (૧-વર્ષ મરામત અને નિભાવણી સાથે) બનાવવાનું કામ.

અંદાજીત રકમ : ૮.૩૪ લાખ	સમયમર્યાદા : ૩-માસ
ઈ.એમ.ડી. : ૮,૩૫૦-૦૦	ટેન્ડર ફી : ૧,૦૬૨-૦૦

કામનં. ૨: એનીમલ બર્થ કંટ્રોલ યોજના અને રખડતા ઢોર નિયંત્રણ યોજના અંતર્ગત નગરપાલીકામાં EV રીક્ષા માઉન્ટેડ ડોગ કેચિંગ વાન તથા ટ્રેક્ટર વીથ લો-બેડ ટ્રેઈલર સપ્લાઈ કરી ઈન્સ્ટોલેશન કરવાનું કામ.

અંદાજીત રકમ : ૨૩.૧૭ લાખ	સમયમર્યાદા : ૩-માસ
ઈ.એમ.ડી. : ૨૩,૨૦૦-૦૦	ટેન્ડર ફી : ૧,૦૬૨-૦૦

કામનં. ૩: સ્વભંડોળ અંતર્ગત નગરપાલિકામાં કોમ્પુટર અને પ્રિન્ટર સપ્લાઈ કરી ઈન્સ્ટોલેશન કરવાનું કામ.

અંદાજીત રકમ : ૮.૭૭ લાખ	સમયમર્યાદા : ૩-માસ
ઈ.એમ.ડી. : ૮,૮૦૦-૦૦	ટેન્ડર ફી : ૧,૦૬૨-૦૦

કામનં. ૪:- સને ૨૦૨૫-૨૬ વર્ષની માન. ધારાસભ્યશ્રીની યોજના અંતર્ગત નગરપાલીકા વિસ્તારમાં આવેલ બિલ્ડીંગમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની કામગીરી.

અંદાજીત રકમ : ૧૨.૪૦ લાખ	સમયમર્યાદા : ૬-માસ
ઈ.એમ.ડી. : ૧૨,૪૫૦-૦૦	ટેન્ડર ફી : ૧,૦૬૨-૦૦

કામનં. ૫:- આઈકોનિક રોડ યોજના (બચત) અંતર્ગત નગરપાલિકાના જુદા-જુદા વિસ્તારમાં હયાત દીવાલ અને LED લાઈટ પોલ પર પેઈન્ટીન્ગની કામગીરી.

અંદાજીત રકમ : ૪.૮૫ લાખ	સમયમર્યાદા : ૪-માસ
ઈ.એમ.ડી. : ૪,૯૦૦-૦૦	ટેન્ડર ફી : ૩૦૮-૦૦

કામનં. ૬:- સને ૨૦૨૪-૨૫ વર્ષની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુ.ડી.પી.-૮૮)(રોડ રીસર્ફેસીંગ) અંતર્ગત નગરપાલિકાના જુદા-જુદા વિસ્તારમાં પેવીંગ બ્લોક રોડ અને સી.સી. રોડ રીસરફેસિંગ કરવાનું કામ.

અંદાજીત રકમ : ૨૨.૯૪ લાખ	સમયમર્યાદા : ૬-માસ
ઈ.એમ.ડી. : ૨૨,૯૫૦-૦૦	ટેન્ડર ફી : ૧,૦૬૨-૦૦

વેબસાઈટ : http://tender.nprocure.com/

ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેંટ અપલોડ કરવાની છેલ્લી તા:૩૦/૧૧/૨૦૨૬ના ૧૮:૦૦ કલાક સુધી

ફકત ઓરિજનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને તમામ જરૂરી ડોકયુમેન્ટ સ્પીડપોસ્ટ / આર.પી.એ.ડી.ના માધ્યમથી પહોંચતા કરવાની છેલ્લી તા:૦૩/૧૨/૨૬ના ૧૬:૦૦ કલાક સુધી, ચીફ ઓફિસર, ધ્રોલ નગરપાલિકા, ધ્રોલ, જી.જામનગર.

ટેક્નિકલ બીડ ખોલવાની તા:૦૪/૧૨/૨૬ના ૧૧:૦૦ કલાકે

પ્રાઈઝ બીડ ખોલવાની તા:૦૪/૧૨/૨૬ના ૧૧:૩૦ કલાકે

ઉપરોક્ત કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઈટ પરથી તા:૧૬/૧૧/૨૦૨૬થી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રેહશે.

ચીફ ઓફિસર	પ્રમુખ
ધ્રોલ નગરપાલિકા	ધ્રોલ નગરપાલિકા

જામનગર મહાનગરપાલિકા

:: ટેન્ડર નિવિદા ::

જામનગર મહાનગરપાલિકાની સીવીલ શાખા દ્વારા **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધા તથા શહેરી સડક યોજનાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ચાંટ તથા લોકભાગીદારોની સ્કીમ અંતર્ગત** નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **https://jmctender.nprocure.com/** જોવા મળી શકશે. આ ટેન્ડર્સ તા.૧૬/૧૧/૨૦૨૬ થી ઓનલાઈન મુકવામાં આવનાર છે.

ક્રમ	કામનું નામ	અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં)
૧	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૬-૨૭ ની આંતરમાળખાકીય સુવિધાની ચાંટ અંતર્ગત વોર્ડ નં. ૬ માં યોગેશ્વરધામ (૧) યોગેશ્વર મહાદેવ મંદિરવાળી શેરી જમનભાઈની દુકાનથી ક્રોમન પ્લોટ સુધી રાકેશ કોશીકના ઘર વાળી શેરીમાં સી.સી. રોડનું કામ (૨) કોશીકસિંહ ગોહિલના ઘરવાળી શેરીમાં સી.સી. રોડનું કામ (૩) નાથાભાઈ જાડેજાના ઘરવાળી શેરીમાં (૪) સુખદેવસિંહ જાડેજાના ઘર પાસે હયાત સી.સી. રોડથી આશાપુરા ઈલે. પાસેના હયાત સી.સી. રોડ સુધી (૫) બાલવી પાન એન્ડ કોલ્ડ્રીંક્સથી ક્રિષ્ના ડેરી સુધીના હયાત સી.સી. રોડ સુધી સી.સી. રોડનું કામ	૪૪૩.૨૯
૨	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૬-૨૭ ની આંતરમાળખાકીય સુવિધાની ચાંટ અંતર્ગત વોર્ડ નં. ૬ માં યોગેશ્વરધામ (૧) યોગેશ્વર મહાદેવ મંદિરવાળી શેરી જમનભાઈની દુકાનથી ક્રોમન પ્લોટ સુધી રાકેશ કોશીકના ઘર વાળી શેરીમાં સી.સી. રોડનું કામ (૨) કોશીકસિંહ ગોહિલના ઘરવાળી શેરીમાં સી.સી. રોડનું કામ (૩) નાથાભાઈ જાડેજાના ઘરવાળી શેરીમાં (૪) સુખદેવસિંહ જાડેજાના ઘર પાસે હયાત સી.સી. રોડથી આશાપુરા ઈલે. પાસેના હયાત સી.સી. રોડ સુધી (૫) બાલવી પાન એન્ડ કોલ્ડ્રીંક્સથી ક્રિષ્ના ડેરી સુધીના હયાત સી.સી. રોડ સુધી સી.સી. રોડનું કામ	૧૧૭.૦૦
૩	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૬-૨૭ ની આંતરમાળખાકીય સુવિધાની ચાંટ અંતર્ગત વોર્ડ નં. ૩ કૃષ્ણનગર શેરી નં. ૩, ભોજાભાઈ મુંગરાના ઘરથી પીપળવાળા ચોક તરફ શિવ દર્શન એપાર્ટમેન્ટ પાસેના ચોક સુધી સી.સી. રોડનું કામ	૪૬.૮૩
૪	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૬-૨૭ ની શહેરી સડક યોજનાની ચાંટ અંતર્ગત વોર્ડ નં. ૩ માં પટેલ કોલોની શેરી નં. ૬ અને ૧૨ રોડ નં. ૧ માં સી.સી. રોડ તથા પેવર બ્લોક અને સ્ટ્રોમ વોટર લાઈન સાથેનું કામ	૧૯૫.૬૨
૫	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૬-૨૭ ની શહેરી સડક યોજનાની ચાંટ અંતર્ગત વોર્ડ નં. ૩, ભુતીયા બંગલાથી બાપા સીતારામ મઢુલી સુધી રોડ બ્યુટીફીકેશનનું કામ તથા ખોડીયાર હોલથી મોક્ષ મંદિર સુધી સી.સી. રોડનું કામ	૧૭૩.૪૪
૬	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૬-૨૭ ની શહેરી સડક યોજનાની ચાંટ અંતર્ગત વોર્ડ નં. ૩, વિકાસગૃહ મેઈન રોડમાં ક્રોસવર્લ્ડ કોમ્પલેક્ષથી રામેશ્વર ચોક તરફ રોડની બંને બાજુએ પેવર બ્લોક બ્લોકનું કામ	૧૧૪.૦૭
૭	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૬-૨૭ ની આંતરમાળખાકીય સુવિધાની ચાંટ અંતર્ગત ગ્રીન સ્પેશ વધારો કરવા અંતર્ગત શહેરના જુદા - જુદા મુખ્ય રસ્તાઓ તથા આંતરિક રસ્તાઓમાં રોડની બંને બાજુ તથા સેન્ટ્રલ ડીવાઈડરમાં ટ્રી-ગાર્ડ સાથે વૃક્ષો વા



"આ દિવાળીએ સ્વદેશીનો દીપ પ્રગટાવી, આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સાકાર કરીએ અને વિકસિત ગુજરાતની નવી રોશની ફેલાવીએ."

- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

જામનગરમાં ધનતેરસે ખરીદી કરવા બજારોમાં ભીડ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : દિવાળીના પાવન પર્વના પ્રારંભ સાથે જ જામનગર શહેરમાં ધનતેરસના શુભ દિવસે ખરીદીનો માહોલ જામી ઊઠ્યો હતો. શુકનવંતી ખરીદીનું વિશેષ મહત્ત્વ ધરાવતા ધનતેરસના પર્વે શહેરીજનો મોટી સંખ્યામાં બજારોમાં ઉમટી પડ્યા હતા. સવારથી શરૂ થયેલી ખરીદીની ધમધમાટ મોડી રાત સુધી જળવાઈ રહી હતી અને શહેરની તમામ બજારોમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

ધનતેરસના પર્વે લોકોએ સોના-ચાંદીના દાગીના, લક્ષ્મીપૂજન માટેની સાવરણી, હળદર, પૂજાપાની સામગ્રી તેમજ વિવિધ ગૃહઉપયોગી વસ્તુઓની ઉત્સાહભેર ખરીદી કરી હતી. આ ઉપરાંત અનેક પરિવારો દ્વારા ધનતેરસના શુભ મુહૂર્તમાં નવાં વાહનોની ખરીદી પણ કરવામાં આવી હતી.

શહેરના હાર્દસમા બર્ધનચોક, ચાંદીબજાર, ગ્રેઈન માર્કેટ, સુપર માર્કેટ, માંડવી ટાવર, રણજિત રોડ અને સેન્ટ્રલ બેંક રોડ સહિતના વિસ્તારોમાં ગ્રાહકોની ભારે અવરજવરથી બજારો ધમધમી ઊઠી હતી. કીડીયારાની જેમ ઉમટેલા લોકોના ટોળાં અને બજારોમાં થયેલી રોનકથી સમગ્ર શહેરમાં દિવાળીના ઉત્સવનો માહોલ છવાઈ ગયો હતો. મોડી રાત સુધી બજારોમાં ખરીદીની ચહલપહલ અને રોશનીના ઝળહળાટ વચ્ચે ધનતેરસના પર્વે જામનગરના વેપાર-ધંધામાં નવો ઉત્સાહ સંચાર્યો હતો.

સુરજકરાડીથી દારૂના ત્રણચપલા સાથે શખ્સની અટકાયત, એક ફરાર

દ્વારકઃ દ્વારકા પંથકના સુરજકરાડી ગામમાંથી એક શખ્સને ઈંગ્લિશ દારૂના ત્રણ ચપલા સાથે સ્થાનિક પોલીસે પકડી પાડી અને અન્ય હાજર નહીં મળી આવતા શોધખોળ હાથ ધરી બન્ને વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના ગઢેચી ગામે વાડી વિસ્તારમાં રહેતો સુનિલ ઉર્ફે ભારાભા રણધીરભા સોમણીયા નામનો શખ્સ સુરજકરાડી ખાતે આવેલ ગીતા પાન પાસેથી પસાર થતો હોય આ વેળાએ તેને મીઠાપુર પોલીસે અટકાવી તલાસી હાથ ધરતા ઈંગ્લિશ દારૂના ૩ નંગ ચપલા મળી આવતા રૂ. ૪૨૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેની અટકાયત કરી હતી જ્યારે ભીમરાણા ગામના યોગદિપસિંહ ઉર્ફે જોગેન્દ્રસિંહ મોહબતસિંહ વાઢેરની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

ખંભાળિયાના યુવાને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત

ખંભાળિયા : ખંભાળિયામાં રહેતા એક યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના રહેણાંક મકાનમાં ગળેફાંસો ખાઈ જિંદગીને અલવીદા કરી દેતા અરેરાટી પ્રસરી ગઈ છે જે બનાવની પોલીસને મૃતકના ભાઈએ જાણ કરતા પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા શહેરમાં ધોરીવાવ સ્કૂલની સામે રહેતા મનીષભાઈ કેશવજીભાઈ નકુમ નામના ૩૮ વર્ષના યુવાને ગઈકાલે પોતાના રહેણાંક મકાનમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા મૃતકનો પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે બીજીતરફ આ બનાવ અંગે ખંભાળિયા પોલીસ દફતરે મૃતકના મોટાભાઈ રાજેશભાઈ કેશવજીભાઈ નકુમ દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. આર. જે. હુણ સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવાનના મૃતદેહનો કબ્જો મેળવી પીએમ અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી આપઘાત પાછળનું કારણ શું છે ? તે અંગે જીણવટભરી તપાસ આદરી છે.

જાયન્ટસ ગ્રુપ દ્વારા એવોર્ડ અપાયા



જાયન્ટસ ગ્રુપ ઓફ જામનગર સુપરને જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન 3-B ના તા.૧-૧૧-૨૬ના રોજ અંજાર મુકામે યોજાયેલ એવોર્ડ વિતરણ સમારંભમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે ગૌરવરૂપ કુલ ૧૧ એવોર્ડ એનાયત થયેલ.જેમાં કો-ઓર્ડીનેટર દુષ્યંતભાઈ પંડ્યા,યુનિટ ડાયરેક્ટર ઉપેન્દ્રભાઈ વ્યાસ,પ્રમુખ ભરતભાઈ વ્યાસ, ડી.એ. નરેન્દ્રસિંહ જેઠવા, પૂર્વ પ્રમુખ મધુસુદનભાઈ વ્યાસ સીનીયર મેમ્બર ડો.હરીશભાઈ દવે સાથે કુલ ૨૦ સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

દ્વારકાધીશજીને સોના-ચાંદીના આભૂષણો અર્પણ



ભગવાન દ્વારકાધીશજીને તેમના પરમ ભક્તો દ્વારા તહેવારો પર સોના-ચાંદી તેમજ હિરાજડીત આભૂષણો સહિતની વસ્તુઓ અર્પણ કરવામાં આવતી હોય છે. ત્યારે ગઈકાલે ધન તેરસના પાવન દિવસે તેમના એક ભક્ત દ્વારા સોનાના ૯૫ ગ્રામના કર્ણનુ ફૂલ તેમજ માળા અર્પણ કરાઈ હતી. જ્યારે અન્ય એક ભક્ત દ્વારા ચાંદીના ૧૬૦૦ ગ્રામની આરતી અર્પણ કરાઈ હતી.

જામનગરના અગ્રણી બિલ્ડરના સુસાઈડ કેસમાં ૧૧ આરોપીઓની ધરપકડ સામે હાઈકોર્ટનો સ્ટે

જામનગર : સૌરાષ્ટ્રના અગ્રણી બિલ્ડર મેરામણભાઈ હરદાસભાઈ પરમારના રહસ્યમય સંજોગોમાં થયેલા અવસાન અને ત્યારબાદ બહાર આવેલા વ્યાજખોરી, મિલકતોના વ્યવહારો તથા ખંડણીના ગંભીર આક્ષેપો ધરાવતા ચકચારી કેસમાં ગુજરાત હાઈકોર્ટમાં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. રૂ. ૧૫૩ કરોડથી વધુની મિલકતો વ્યાજખોરીના વ્યવહારોમાં પડાવી લેવાના તથા વ્યાજની પઠાણી ઉઘરાણી કરીને ખંડણી વસૂલવાના આક્ષેપો સાથે નોંધાયેલા ગુનામાં સંડોવાયેલા તમામ ૧૧ આરોપીઓની આગોતરા જામીન અરજીઓની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે હાલ પૂરતી ધરપકડ સામે વચગાળાનું રક્ષણ આપતો આદેશ કર્યો છે. આ આદેશથી આરોપીઓને મોટી રાહત મળી છે.

આ ચકચારી કેસના મૂળમાં મૃતક મેરામણભાઈ પરમારનું તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ થયેલું અવસાન છે. પ્રાપ્ત વિગતો મુજબ, તેમને બેભાન અવસ્થામાં કે.ડી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડેથ સમરીમાં કાર્ડિયાક અરેસ્ટ અને હૃદય સંબંધિત જટિલતાઓના કારણે અવસાન થયાનું નોંધાયું હતું. આ મામલે લાંબા સમયગાળા બાદ તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ એફઆઈઆર નોંધવામાં આવી હતી. જોકે, તે પહેલાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મૃતકના પુત્ર દ્વારા કેટલીક વ્યક્તિઓનાં નામ સાથે ગાંધીનગર પોલીસ સમક્ષ ફરિયાદ નોંધવા માટે અરજી કરવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે.

આ કેસમાં તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ અને તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૫ની બે સુસાઈડ નોટ મહત્વપૂર્ણ બની છે. આ નોટો તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મળી આવી હોવાનું ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવ્યું છે. તેમાં વ્યાજખોરી, નાણાકીય લેવડદેવડ અને હેરાનગતિના આક્ષેપો કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.

બીજી તરફ, આરોપી પક્ષે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે તપાસના કાગળો અને દસ્તાવેજો મુજબ મૃતક તથા તેમના પરિવારના સભ્યો દ્વારા મિલકતોના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો કરવામાં આવ્યા હતા. નાણાકીય ધિરાણ અને મિલકતોના વ્યવહારોને લઈને અગાઉથી સિવિલ દાવાઓ પણ દાખલ થયેલા છે. આ ઉપરાંત, ફરિયાદમાં આરોપી બનાવવામાં આવેલી કેટલીક મહિલાઓનાં નામ સુસાઈડ નોટમાં નથી તથા વિશાલભાઈ પ્રવીણભાઈ દોમડીયાનું નામ પણ સુસાઈડ નોટમાં દર્શાવાયું નથી. તેઓની ભૂમિકા મૃતક પાસેથી મિલકતો ખરીદનાર તરીકેની હોવાની રજૂઆત કરવામાં આવી હતી.

આ કેસમાં પટેલ અગ્રણી પ્રવીણભાઈ લક્ષ્મણભાઈ દોમડીયા, વિશાલભાઈ પ્રવીણભાઈ દોમડીયા અને કાંતાબેન પ્રવીણભાઈ દોમડીયા તરફથી ગુજરાત હાઈકોર્ટમાં જામનગરના સિનિયર એડવોકેટ નાથાલાલ પી. ઘાડીયા તથા હસમુખ એમ. મોલીયા સાથે અર્પિત એમ. રૂપાપરા અને પરેશ એસ. સભાયા રોકાયેલા છે. જ્યારે સિનિયર કાઉન્સિલ અંસીન દેસાઈ અને પ્રવીણ ગોંડલિયાએ પણ આરોપી પક્ષ તરફથી રજૂઆતો કરી હતી.

બંને પક્ષોની દલીલો તથા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી આધારને ધ્યાને લઈને ગુજરાત હાઈકોર્ટે પ્રાથમિક તબક્કે તમામ ૧૧ આરોપીઓની ધરપકડ સામે વચગાળાનું રક્ષણ આપ્યું છે અને આગામી સુનાવણી સુધી તેમની સામે ધરપકડ સહિતનાં પગલાં ન લેવા આદેશ કર્યો છે.

રંગોળી દ્વારા મહિલા સશક્તિકરણ અને જનજાગૃતિનો સંદેશ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : દીપાવલીના પાવન પર્વ નિમિત્તે મહિલા સશક્તિકરણ, મહિલા સુરક્ષા અને મહિલાઓના અધિકારો અંગે જનજાગૃતિ કેળવવાના હેતુથી જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના પરિસરમાં આકર્ષક અને સંદેશાત્મક રંગોળી તૈયાર કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર પી.બી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત કાર્યરત સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન ના સ્ટાફ દ્વારા આ રંગોળી તૈયાર કરવામાં આવી હતી.

રંગોળીના માધ્યમથી મહિલા સશક્તિકરણ, મહિલાઓની સુરક્ષા, મહિલા હેલ્પલાઈન ૧૮૧, દીકરીઓના અધિકારો તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલી વિવિધ યોજનાઓ અને સેવાઓ અંગે કલાત્મક રીતે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. તહેવારની ઉજવણી સાથે મહિલાઓમાં જાગૃતિ, આત્મવિશ્વાસ અને સ્વાવલંબનનો સંદેશ જનસમુદાય સુધી પહોંચાડવાનો આ પહેલનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યા દ્વારા જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. પૂજાબેન ડોડીયા, ફ્લ્ઉઁઈઉના જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર શ્રીમતી બંસીબેન ખોડિયાર, સમગ્ર ટીમ તથા વન સ્ટોપ સેન્ટર (જીઝ)ના સ્ટાફની આ સર્જનાત્મક અને જનજાગૃતિલક્ષી કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.

જય દ્વારકાધીશ
દીપાવલી તથા નૂતનવર્ષના પાવન પર્વે હાર્દિક શુભેચ્છા

જેન્તીભાઈ પ્રાણજીવનભાઈ પાબારી (એલ.આર.ગ્રુપ)
પ્રમુખ : જય જલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ, દ્વારકા
ટ્રસ્ટી : દ્વારકાધીશ ગૌ હોસ્પિટલ, દ્વારકા
ટ્રસ્ટી : જુની ગૌશાળા, દ્વારકા
સદસ્ય : જય જલ્યાણ ઉત્સવ સમિતિ
સદસ્ય : માધવ પાંજરાપોળ ગૌશાળા
પ્રમુખ : શાકમાર્કેટ યુવા ગ્રુપ
મો.નં.૯૬૨૪૪૨૪૪૯૯
વેજીટેબલ મરચન્ટ કમીશન એજન્ટ
શાકમાર્કેટ ચોક, દ્વારકા

દીપાવલી તથા નૂતન વર્ષના પાવન અવસરે બહારથી પધારતા યાત્રિકો તથા સ્થાનીક ગ્રામજનોને હાર્દિક શુભેચ્છાઓ સાથે જય દ્વારકાધીશ
દીપ જયોતિઃ પરમ જયોતિઃ દીપ જયોતિર્જનાર્દનઃ ।
દીપો હરતુ મે પાપ, દીપ જયોતિર્નમોસ્તુતે ।।

ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિ પ૦૫, દ્વારકા

વક્રેશ વી. ઉપાધ્યાય પ્રમુખશ્રી, | કપીલ વી. વાયડા મંત્રી | ચેતન્ય આર. ઠાકર (પુજારી) સહમંત્રી
તથા
કારોબારી સદસ્ય તેમજ મધ્યસ્થ સભાના સદસ્ય

ઘી સીડ્સ એન્ડ ગ્રેઇન મરચન્ટ એસોસિએશન
સંસ્થાના સર્વે સભ્યશ્રી તથા જામનગરની જાહેર જનતાને
હાર્દિક નૂતન વર્ષાભિનંદન...
લક્ષ્મીદાસભાઈ ક. રાયઠઠ્ઠા — પ્રમુખ
રિશી અ. પાબારી — માનદ મંત્રી
વિશાલ પી. મહેતા — ખજાનચી
દેવેન જે. પાબારી — ઉપપ્રમુખ
કિશોરપરી કે. ગોસાઈ — માનંદ સહમંત્રી
દિપક એમ. દાવડા — ઓડિટર

દીપાવલી તથા નૂતનવર્ષના પાવન પર્વે દ્વારકાવાસીઓ
તથા દ્વારકા પધારતા સર્વે ભાવિકોને હાર્દિક શુભેચ્છા
હોટેલ દામજી

એ.સી., સ્યુટ, ડીલક્સ રૂમ તથા વિશાળ પાર્કિંગ સાથેની અદ્યતન સુવિધાસભર દ્વારકાધીશ મંદિરથી તદ્દન નજીક હોટેલ શિવરાજસિંહ રોડ, દ્વારકા મો.નં.62624 86262
ઈમેલ : info@hoteldamji.com
કિશોરભાઈ ડી. વિઠલાણી (કે.ડી.)
પ્રોપાઈટર : હોટેલ દામજી
ઉપપ્રમુખ : મહાકાલ મુક્તિધામ ચેરીટેબલ ટ્રસ્ટ, દ્વારકા
ટ્રસ્ટી : જય જલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ, દ્વારકા
ટ્રસ્ટી : રઘુવંશી આવાસ, વરવાળા
પૂર્વ ટ્રસ્ટી : લોહાણા મહાજન, દ્વારકા

જય દ્વારકાધીશ
દીપાવલી તથા નૂતનવર્ષના પાવન પર્વે હાર્દિક શુભેચ્છા
શુભમ્ કરોતિ કલ્યાણમારોગ્યું ધનસંપદા ।
શત્રુબુદ્ધિવિનાશાય દીપજયોતિર્નમોસ્તુતે

ધવલ ટી. ચંદારાણા (પલુભાઈ)
પ્રોપ્રાઈટર : હોટેલ કિષ્ના ઈન
પૂર્વ સદસ્યશ્રી, દ્વારકા નગરપાલિકા (વોર્ડ નં.૭)
પૂર્વ મહામંત્રી : દ્વારકા શહેર ભાજપ
શાકમાર્કેટ ચોક, દ્વારકા
મો.નં.૯૮૯૮૪૯૦૦૧૯

જય દ્વારકાધીશ
દીપાવલી તથા નૂતનવર્ષના પાવન પર્વે હાર્દિક શુભકામના
શુભમ્ કરોતિ કલ્યાણમારોગ્યં ધનસંપદા ।
શત્રુબુદ્ધિવિનાશાય દીપજ્યોતિર્નમોસ્તુતે ।।

મુન્નાભાઈ બીપીનભાઈ પાબારી
(એલ.આર.ગ્રુપ)
રઘુવંશી અગ્રણી, દ્વારકા
કુટના હોલસેલ વેપારી, શાકમાર્કેટ ચોક, દ્વારકા
મો.નં.૯૮૭૯૧૨૨૫૭૨

તાતા કેમ.કો.ઓપરેટીવ સ્ટોર્સ લી.

શુભ દીપાવલી * નૂતન વર્ષાભિનંદન

દિપાવલી અને નવા વર્ષના પર્વ નિમિત્તે ઓખામંડળના સર્વે પ્રજાજનોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

સંસ્થાના તમામ હોદ્દેદાર અને કર્મચારી ગણ

ઝંડા ચોક સામે, મીઠાપુર.

શુભ દીપાવલી * નૂતન વર્ષાભિનંદન

દિપાવલી અને નવા વર્ષના પર્વ નિમિતે ઓખામંડળના સર્વે પ્રજાજનોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

આશાપુરા એન્જીનીયરીંગ

કોન્ટ્રાકટર

તાતા કેમિકલ્સ લી.- મીઠાપુર

શ્રી રાજુભાઈ પટેલ

મુ. સુરજકરાડી

શુભ દીપાવલી * નૂતન વર્ષાભિનંદન

દિપાવલી અને નવા વર્ષના પર્વ નિમિતે ઓખામંડળના સર્વે પ્રજાજનોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

શ્રી જયંતિભાઈ મોભેરા

સરકાર માન્ય સિવિલ કોન્ટ્રાકટર

મુ. સુરજકરાડી-ઓખામંડળ.

શુભ દીપાવલી * નૂતન વર્ષોભિનંદન

દિપાવલી અને નવા વર્ષના પર્વ નિમિત્તે ઓખામંડળના સર્વે પ્રજાજનોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

કેર કન્સ્ટ્રકશન

પ્રો.બાલુભા કેર

સરકાર માન્ય સિવિલ કોન્ટ્રાકટર

.....મુ.ઓખા.....

TATA CHEMICALS

Serving Society through Science

by harnessing the power of Chemistry

Tata Chemicals wishes you a

Happy Diwali and a very Prosperous New Year

Safety first, Always...

www.tatachemicals.com

શુભ દીપાવલી * નૂતન વર્ષાભિનંદન

દિપાવલી અને નવા વર્ષના પર્વ નિમિતે ઓખામંડળના સર્વે પ્રજાજનોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

અવધ ઈન્ડસ્ટ્રીઝ

જીઆઈડીસી ફેસ-2, પ્લોટ નં.31, આરંભડા, તા. દ્વારકા.

શુભ દીપાવલી * નૂતન વર્ષાભિનંદન

દીપજ્યોતિઃ પરંબ્રહ્મ દીપજ્યોતિર્જનાર્દનઃ।
દીપો હરતુ મે પાપં દીપજ્યોતિર્નમોઽસ્તુ તે॥

VEER construction

શ્રી ડાડુભા મકવાણા

સરકાર માન્ય સિવિલ કોન્ટ્રાકટર - દ્વારકા (ઓખામંડળ)

શુભ દીપાવલી * નૂતન વર્ષાભિનંદન

દિપાવલી અને નવા વર્ષના પર્વ નિમિતે ઓખામંડળના સર્વે પ્રજાજનોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

રૂક્ષ્મણી મંદિર પૂજારી પરિવાર-દ્વારકા

અરૂણભાઈ ભગનલાલ દવે

કલ્પનાબેન અરૂણભાઈ દવે

કંદર્પભાઈ અરૂણભાઈ દવે

ઝરણાબેન કંદર્પભાઈ દવે

શુભ દીપાવલી * નૂતન વર્ષાભિનંદન

દિપાવલી અને નવા વર્ષના પર્વ નિમિત્તે ઓખામંડળના સર્વે પ્રજાજનોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

ભગવતી શીપીંગ સર્વિસ

વિરમ આશા ગ્રુપ ઓફ કંપનીઝ

VIRAM ASHA GROUP OF CO. OKHA

શ્રી વિશ્વરાજસિંહ વિજયસિંહ માણેક

શ્રી વિજયસિંહ માંડણભા માણેક

રૂગનાથ રોડ, ઓખા પોર્ટ